ગાંધીનગર સમાચાર

ગાંધીનગરમાં ટ્રાફિક પોલીસે રૂ. ૫.૭૦ લાખનો વાહનચાલકો પાસેથી દંડ વસુલ્યો

# નગરમાં ચોતરફ દિવાળીનો ઉલ્લાસ

## નગરજનો ધાર્મિક કાર્યોમાં વ્યસ્ત બન્યા : ગૃહિણીઓએ ઘર સજાવ્યા : બાળકો મોડી રાત્રિ સુધી ફટાકડા ફોડવામાં વ્યસ્ત : નગરના બજારોમાં ભીડ ઉમટી : મીઠાઈની દુકાનોમાં ઘરાકીમાં વધારો







ગાંધીનગર, તા.૯

આસો માસની અમાસે દેશભરમાં દિપાવલીનું પર્વ ભારે હર્ષોલ્લાસથી મનાવાશે. ગાંધીનગરમાં પણ નગરજનો પોતાના ઘરે દિપ પ્રગટાવી અંતરમાં ઉજાસ ફેલાવશે. આ સાથે બાળકો ફટાકડા ફોડશે અને આતશબાજી કરશે. દરેકના ઘરે અવનવી મીઠાઈ-ફરસાણ બનશે, નવા કપડાં પહેરી એકબીજાને શુભેચ્છા પાઠવવામાં આવશે. વેપારીઓ ચોપડા પૂજન દ્વારા મા શારદાની આરાધના કરશે તથા પોતાના ત્રાજવાં-કાટલા વગેરેનું પૂજન કરી દુકાનને વધાવશે. ગૃહિણીઓ ઘરના બારણે આસોપાલવના તોરણ બાંધી ઉંબર સાથિયા પૂરશે અને રંગોળી સજાવી દિપમાળા કરશે. સમગ્ર વાતાવરણ પ્રસન્નતાથી ભરાઈ જશે.

દિવાળી એ સર્વે પર્વોમાં સૌથી શ્રેષ્ઠ ગણાય છે. આ પ્રવે શ્રધ્ધાળુઓ પોતાના આરાધ્ય દેવની પૂજા અર્ચના કરી મંદિરોમાં દેવદર્શને જાય છે. આ પર્વમાં વિવિધ ધંધાર્થીઓ પોતાના વાર્ષિક હિસાબો પૂર્ણ કરે છે અને નૂતન વર્ષથી નવા ચોપડાના પ્રારંભ કરવા પૂર્વે શારદા પૂજન કરે છે.

ધનતેરશથી ચાલુ થયેલા આ પર્વને નગરજનો ઉલ્લાસથી ઉજવી રહ્યા છે. નગરના તમામ માર્ગો પર અદભૂત રોશનીનો નજારો જોવા મળી રહ્યો છે. સાંજ પડતા જ નગરજનો પોતાના ઘર આંગણે, દરવાજે, મોભે, અગાસીમાં કોટની પાળીએ દીવા પ્રગટાવી અંધકારને દૂર કરી પ્રકાશ ફેલાવે છે. બાળકો મોડી રાત્રિ સુધી ફટાકડા ફોડી આનંદ ઉત્સવ મનાવે છે. તમામ ઘરોમાં લાપશી-શીરો વગેરે રાંધવામાં આવે છે. નગરમાં મીઠાઈની દુકાનો પર ભીડ જોવા મળે છે. નગરજનો વિવિધ ધાર્મિક પ્રવૃત્તિઓમાં વ્યસ્ત જોવા મળે છે અને એકબીજાને હર્ષથી મળી દિવાળીની શુભેચ્છાઓ પાઠવતા દેખાય છે. પોતાના ઘર માટે નવી નવી ચીજ વસ્તુઓ જેવી કે ફર્નિચર, ટીવી, ફ્રિજ, કોમ્પ્યુટર કે નવા વાહનો વગેરેની ખરીદી કરાય છે. નવા કપડાં, નવા પગરખા વગેરેની ખરીદી માટે બજારોમાં ભીડ જામી રહી છે. સમગ્ર ગાંધીનગર જાણે ઉત્સવ નગરી બની ગયેલું લાગે છે અને નગરજનો ખૂબ જ હર્ષોલ્લાસભર્યા વાતાવરણમાં દિપાવલી પર્વની ઉજવણી કરી રહ્યાં છે.

(તસવીર : કશ્યપ નિમાવત)

## @ગાંધીનગર

● પંચમુખી મહાદેવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા રાત્રે ૮.૦૦ કલાકે પંચમુખી મંદિર ખાતે મારૂતિ યજ્ઞનો કાર્યક્રમ યોજાશે.

● સેકટર-૨ બાલાજી હનુમાન મંદિર ખાતે સવારે ૯ કલાકે હનુમંત યજ્ઞ, સાંજે ૬ કલાકે સુંદરકાંડ પાઠ યોજાશે ઉપરાંત રાત્રે ૮ કલાકે મહાઆરતી કરાશે.

● ડભોડા ખાતે હનુમાનજીના મંદિરમાં ૧૦૮ દિવડાની મહાઆરતી રાત્રે ૧૨ કલાકે યોજાશે.

● સે-૨૨ પંચદેવ મંદિર ખાતે રાત્રે ૯ કલાકે કાન્તિભાઈ યોગીની વ્યાસપીઠે સુંદરકાંડના પાઠ યોજાશે.

- નજાહખાનમ સૈયદ

## વી કેર ફાઉન્ડેશન દ્વારા ગરીબ પરિવારોને મીઠાઈનું વિતરણ કરાશે

ગાંધીનગર, તા.૯

શહેરના વી કેર ફાઉન્ડેશન દ્વારા વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવે છે ત્યારે દિપાવલીના પાવન પ્રસંગે શહેરમાં વસવાટ કરતાં ગરીબ પરિવારોને વી. કેર ફાઉન્ડેશન દ્વારા તા. ૧૧-૧૧-૧૫ને દિવાળીના રોજ સવારે ૭-૦૦ કલાકે સેકટર-૧ના બગીચામાં ધારાસભ્ય અશોક પટેલના હસ્તે મીઠાઈનું વિતરણ કરવામાં આવશે. આ મીઠાઈનો લાભ લેવા લાભાર્થીઓને વી કેર ફાઉન્ડેશનના પ્રમુખે અનુરોધ કર્યો છે.

## સિંધુધામ ખાતે નૂતનવર્ષ-અન્નકૂટ દર્શનનો સમય

ગાંધીનગર, તા.૯

સેકટર-૩૦ સ્થિત ઝુલેલાલ-સાઈબાબા મંદિરમાં નૂતન વર્ષ નિમિત્તે આગામી તા. ૧૨ નવેમ્બરને ગુરુવારના રોજ સાંઈબાબાની સવારની કાકડ આરતી ૪.૩૦ કલાકે, અન્નકૂટ દર્શનનો સમય સવારે ૬.૦૦થી ૧૨.૦૦ કલાક દરમિયાનનો રહેશે તેમજ સાંજે ૬.૩૦ કલાકે ધુપ આરતી કરવામાં આવશે. આ ઉપરાંત લાભ પાંચમ નિમિત્તે તા. ૧૬ નવેમ્બરને સોમવારના રોજ આખો દિવસ ભકતો દર્શનનો લાભ લઈ શકશે. સિંધી પંચાયતના પ્રમુખ લાલચંદ ગોપલાણીએ ધર્મપ્રેમી, સાંઈ ભકતોને આરતી અને અન્નકૂટ દર્શનનો નૂતન વર્ષના શુભ અવસરે લાભ લેવા જણાવ્યું છે.

## સેકટર-૫-એ ખાતે મારૂતિ યજ્ઞ યોજાશે

ગાંધીનગર, તા.૯

પંચમુખી મહાદેવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા કાળી ચૌદશ નિમિત્તે તા. ૧૦ નવેમ્બરના મંગળવારના રોજ રાત્રે ૮.૦૦ કલાકે સેકટર-૫-ના મંદિર પરિસર ખાતે મારૂતિ યજ્ઞનું આયોજન કરવામાં આવ્યુંછે. આ યજ્ઞમાં યજમાન તરીકે જય વિસત ટ્રેડર્સ સેકટર-૫-એના માલિક ઘનશ્યામભાઈ પટેલ ઉપસ્થિત રહેશે. મારૂતિ યજ્ઞમાં નગરના તમામ ધર્મપ્રેમી ભાવિક ભકતોને હાજર રહેવા જણાવ્યું છે.

## યુવા-બેરોજગારોના ન્યાય માટે સાંઈ-શકિત સેવા ટ્રસ્ટની તંત્ર સમક્ષ રજુઆત

ગાંધીનગર, તા.૯

સરકારી કચેરીઓમાં જુનિયર કલાર્ક, ઓફિસ આસીસ્ટન્ટ, ડેટા એન્ટ્રીની ભરતી આઉટ સોર્સીંગથી કરવામાં આવે છે. સરકારના ભરતી નિયમો મુજબ ધો-૧૨ પાસ અને કોમ્પ્યુટરની લાયકાત ધરાવનાર ઉમેદવારને પ્રાધાન્ય આપવામાં આવે છે. પરંતુ આઉટ સોર્સીંગથી ગ્રેજ્યુએટ અથવા ઉચ્ચ અભ્યાસક્રમ ધરાવનાર ઉમેદવારને લેવામાં આવે છે. જે અન્યાયકર્તા હોવાથી ધો-૧૨ પાસ ઉમેદવારને અગ્રતા આપવામાં આવે તેવી રજુઆત સાંઈ શકિત સેવા ટ્રસ્ટ દ્વારા તંત્ર સમક્ષ કરવામાં આવી છે.

સાંઈ શકિત સેવા ટ્રસ્ટના પ્રમુખ કાન્તિલાલ એ. મકવાણા જણાવે છે કે અત્યારે હાલના સંજોગોમાં સરકાર તંત્રમાં આઉટ સોર્સિંગથી વિવિધ ભરતી કરવામાં આવે છે જેમાં ધો-૧૨ પાસ અને કોમ્પ્યુટરની તાલીમ મેળવેલા ઉમેદવારોનો સમાવેશ કરવાનો હોય છે. પરંતુ ગ્રેજયુએટ તેમજ ઉચ્ચ અભ્યાસના ઉમેદવારોને પસંદ કરવામાં આવતા ધો-૧૨ પાસ ઉમેદવારોને અન્યાય થાય છે તેમજ આઉટ સોર્સીંગના સમયગાળાને કાયમી નિમણુંક સમયે અનુભવ તરીકે ગણત્રીમાં લેવામાં આવે જયારે રોજગાર કચેરીમાંથી નામો મેળવી ૧૧ માસના કરારે ભરતી કરવામાં આવી હતી તેઓને છુટા કરાયા છે તે તમામ ઉમેદવારોને પરત લઈ પાંચ વર્ષ પૂર્ણ થયે નોકરી આપવા સરકાર સમક્ષ રજુઆત કરી છે.

## ગાંધીનગરમાં ટ્રાફિક પોલીસે રૂ. ૫.૭૦ લાખનો વાહનચાલકો પાસેથી દંડ વસુલ્યો

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર જિલ્લા ટ્રાફિક પોલીસે એક માસમાં ટ્રાફિકના નિયમોનો ભંગ કરનારા વાહનો સામે લાલ આંખ કરી રૂ. પાંચ લાખથી વધુનો દંડ ફટકારી સ્થળ પર જ દંડની રકમ વસુલ કરી હતી. ટ્રાફિક પોલીસની આ કામગીરીથી વાહનચાલકોમાં ફફડાટ ફેલાયો હતો.

ગાંધીનગર સહિત જિલ્લા ભરમાં માર્ગો પર વાહનોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે. સતત વાહનની સંખ્યાને લઈ જાહેર માર્ગો પર દરરોજ અકસ્માત સર્જાય છે. પરિણામે અનેક વાહન ચાલકો મોતનો ભોગ બની રહ્યા છે. જયાર કેટલાક વાહનચાલકો વાહનચલાવતી વખતે ટ્રાફિકના નિયમો તોડી માર્ગ સુરક્ષા જોખમમાં મુકી દે છે ત્યારે આવા વાહનચાલકોને સબક શીખવવા માટે ગાંધીનગર જિલ્લા ટ્રાફિક પોલીસે ટ્રાફિક ઝુંબેશ હાથ ધરી હતી અને વાહન ચાલકો સામે લાલ આંખ કરી હેલમેટ ન પહેરનાર, સીટ બેલ્ટ ન લગાવનાર, કારમાં કાળી ફિલ્મ પટ્ટી લગાવનાર ટ્રાફિકના નિયમોનો ભંગ કરનાર, મોબાઈલ પર ચાલુ વાહન પર વાત કરનાર વગેરે જેવા ચાલકોને પાવતી પકડાવીરૂ. ૫,૭૦,૧૭૫નો દંડ ફટકારી સ્થળ પર જ દંડની રકમ વસુલી હતી. ટ્રાફીક પોલીસે કુલ ૪૪૧૪ વાહનચાલકોને પાવતી આપી હતી. ટ્રાફીક પોલીસની આ કામગીરીથી વાહન ચાલકોમાં ફફડાટ ફેલાયો છે.

## સાતમી રાષ્ટ્રીય ધામિકા કાઈ કરાટે ચેમ્પિયનશીપનું સમાપન

### હરિયાણાએ ૧૨, ગુજરાતે ૯ અને બિહારે ૫ ચંદ્રક જીત્યા : ગુજરાતના બોયઝે ૫ અને ગર્લ્સે ૪ ચંદ્રક મેળવ્યા



ગાંધીનગર, તા.૯

ગાંધીનગરની સ્વામિનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કુલ ખાતે ૭મી રાષ્ટ્રીય ધામિકા કાઈ (સિતોરિયુ) કરાટે ચેમ્પિયનશીપ સ્પર્ધા તાજેતરમાં રમાઈ ગઈ. આ સ્પર્ધામાં દેશના ૯ જેટલા રાજયોમાંથી આવેલા ૪૫૦થી વધુ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં હરિયાણાના ૧૨ અને ગુજરાતના ૯ સ્પર્ધકો ઉપરાંત બિહાર, પંજાબ, દિલ્હી વગેરે રાજયોના સ્પર્ધકોએ ઉત્કૃષ્ઠ દેખાવ કરતા ચંદ્રકો જીત્યા હતા.

ધામિકા કરાટે એસોસિએશન ઓફ ઈન્ડિયા દ્વારા આયોજિત આ સ્પર્ધામાં સિતોરિયુ કરાટે સ્પર્ધા યોજવામાં આવી હતી. આ સ્પર્ધાના છોકરાઓના ૧૫-૧૬ વર્ષના વય જુથના ૪૦થી ૪૫ કિગ્રા કેટેગેરીમાં હરિયાણાના નિખિલને સુવર્ણ, ગુજરાતના જૈવલ મહેતાને સિલ્વર તથા હરિયાણાના રોહિત અને ગુજરાતના વત્સલ ત્રિવેદીને બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત થયા હતા. આ વય જુથની ૪૫ થી ૫૦ કિગ્રા કેટેગરીમાં બિહારના મોહમ્મદ અબ્દુલ્લાને ગોલ્ડ, હરિયાણાના અનુજને સિલ્વર, ગુજરાતના અશ્વિન માલવિયાને બ્રોન્ઝ પદક, ૫૦ થી ૫૫ કિગ્રા કેટેગરીમાં હરિયાણાના સુમિત ખ્યાલિયાને સુવર્ણ, ગુજરાતના સમિત દેસાઈને સિલ્વર તથા હરિયાણાના યોગેશ તથા મિથુનને બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત થયા હતા. જયારે આ વય જુથમાં ૫૫ કિગ્રાથી ઉપરની કેટેગરીમાં હરિયાણાના દિપકકુમારે સુવર્ણ, ગુજરાતના ગૌરવ ભારદ્વાજે સિલ્વર બિહારના વિકાસ તથા હરિયાણાના પુનિતકુમારને બ્રોન્ઝ પદક પ્રાપ્ત થયો હતો. આ સાથે ૧૭-૧૮ વર્ષના વય જુથમાં ૫૦ કિગ્રાની કેટેગરીમાં હરિયાણાના વિકાસને સુવર્ણ બિહારના સૈયદઅલીને સિલ્વર ચંદ્રક, ૫૦ થી ૫૫ કિગ્રા કેટેગરીમાં દિલ્હીના પ્રેરકને સુવર્ણ તથા હરિયાણાના અખિલને સિલ્વર ચંદ્રક પ્રાપ્ત થયો હતો.

આ સ્પર્ધામાં કન્યા વિભાગમાં પણ ભારે રસાકસી સાથે સ્પર્ધા જામી હતી. આ વિભાગમાં ૧૭-૧૮ વર્ષના વય જુથમાં ૫૦ કિગ્રાથી ઓછાની કેટેગરીમાં રાજસ્થાનની સુરેખાને સુવર્ણ, હરિયાણાની સુમિતાને સિલ્વર જયારે ગુજરાતની ફેનલ શાહ અને બિહારની નેહા ક્રીને બ્રોન્ઝ પદક પ્રાપ્ત થયા હતા. આજ વય જુથની ૫૦ કિગ્રાથી ઉપરની કેટેગરીમાં ગુજરાતની સીમ્સને સુવર્ણ, હરિયાણાની અશિમાને સિલ્વર, બિહારની દિપા ક્રિ તથા યુપીની બબિતા ક્રિને બ્રોન્ઝ પદક પ્રાપ્ત થયો હતો. ૧૭-૧૮ વર્ષના વય જુથમાં ૫૦ કિગ્રા કેટેગરીમાં પંજાબની પૂજાને તથા ૨૧ વર્ષથી ઉપરના ૬૦ થી ૬૫ કિગ્રા કેટેગરીમાં દિલ્હીની ગીતાંજલિને સુવર્ણચંદ્રક પ્રાપ્ત થયા હતા. ૨૧ વર્ષથી ઉપરના વયજુથમાં ૬૫ વર્ષથી ઉપરના કિગ્રા કેટેગરીમાં ગુજરાતની યશવી ઘેલાનીને ગોલ્ડ અને હેમા પુરોહિતને સિલ્વર તથા હરિયાણાની સોનિયા વર્માને અને રાજસ્થાનની નિશુને બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત થયા હતા. સમગ્ર સ્પર્ધાના આયોજનમાં ગુજરાતના કોચ તથા સ્વામિનારાયણ ધામ ઈન્ટરનેશનલ સ્કુલના એકિટીવીટી હેડ હરજેન્દ્રસીંગ ગીલે ભારે જહેમત ઉઠાવી હતી. આ સ્પર્ધામાં ધામિકા કાઈના જનરલ સેક્રેટરી રજનીશ ચૌધરીએ રેફરીની ભૂમિકા ભજવી હતી.

## ગલુદણ ગામે મોયેલા ઘઉં ખાઈ લેતા પટેલ પરિવારના બે સભ્યો સારવાર હેઠળ

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર નજીકના ગલુદણ ગામે પટેલ પરીવારના બે સભ્યો મોયેલા ઘઉં ખાઈ લેતા બપોર બાદ પગમાં જડકામણ શરૂ થતા હાલત વધુ લથડતા બંનેને સારવાર અર્થે અમદાવાદ સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા. જયાં હાલ બંને સારવાર હેઠળ છે.

ગાંધીનગરના તહેગામ તાલુકામાં છેલ્લા ઘણા સમયથી વારંવાર મોયેલા ઘઉં ખાઈ જતા શરીરમાં જકડામણના બનાવો બનવા પામ્યા છે ત્યારે આજે વધુ બે કેસ નોંધાયા છે. ગાંધીનગરના ગલુદણ ગામે પટેલ પરિવારના કેતન રાકેશભાઈ પટેલ ઉ.વ. ૧૩ અને પૂનમ પીન્ટુભાઈ પટેલ ઉ.વ. ૨૪ એ બપોરના ભોજનમાં મોયેલા ઘઉંના લોટમાંથી બનાવેલા ખોરાક ખાઈ લેતા તેનીઅસર બપોર બાદ તુરંત જોવા મળી હતી. બંને સભ્યોના પગ જકડાઈ જતા તુરંત સારવાર અર્થે અમદાવાદ સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા. જયાં બંને સારવાર હેઠળ છે. આ અંગે ડભોડા પોલીસમાં જાણવા જોગ નોંધાઈ હતી.

## વાતવાતમાં

● ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે આવેલ દાંડીકુટિરની કેન્દ્રિય ગૃહ સચિવ રાજીવ મહર્ષિએ મુલાકાત લીધી હતી. સચિવની મુલાકાતના પગલે તંત્રએ સઘન વ્યવસ્થા હાથ ધરી હતી.

● ન્યુ ગાંધીનગરના કુડાસણ વિસ્તારના એક હાઈરાઈઝ એપાર્ટમેન્ટની ગેલેરીનો સ્લાઈડીંગ દરવાજો અચાનક બંધ થઈ જતા એક ગૃહિણી ત્રણ કલાક સુધી ફસાઈ જવા પામી હતી. સાતમા માળની ગેલેરીમાંથી કોઈને મદદ માટે બોલાવી ના શકતા આ જાંબાઝ સન્નારીએ અંતે કાચનો દરવાજો તોડી નાંખ્યો હતો.

● નગરના ચ માર્ગ પરથી આજે અમદાવાદ તરફથી આવેલ એક પગપાળા સંઘ આજોલ જવા રવાના થયો હતો. આ સંઘમાં આશરે એક હજારથી વધુ પદયાત્રીઓ પગપાળા દર્શનાર્થે જઈ રહ્યા હતા.

● ગાંધીનગરના સમાચારના અહેવાલના પગલે સે-૧૭ની લાયબ્રેરીમાં વહેલી સવારથી જ તમામ ટોયલેટસ અને વોટરકૂલરની સઘન સફાઈ કરી ચોખ્ખાં ચણાંક કરી દેવાતા વિદ્યાર્થીઓ-વાચકોમાં આનંદ છવાયો હતો. હવે આ સફાઈ કાર્ય નિયમિત રીતે થતું રહેશે તેવો વિદ્યાર્થીઓમાં આશાવાદ પણ ફેલાયો છે.

- સમીર રામી
૯૯૨૪૪૪૬૬૪૫

## આર્ટ ઓફ લીવીંગ દ્વારા ગણપતિ પૂજા અને મહાલક્ષ્મી હોમનું આયોજન

આર્ટ ઓફ લીવીંગ દ્વારા આગામી તા. ૧૧ નવેમ્બરના રોજ સવારે ૬.૩૦ કલાકે રીક્રીએશન હોલ, જીઈબી કોલોની ખાતે ગણપતિ પૂજા અને મહાલક્ષ્મી હોમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં મંત્ર, જપ, તપ, ઉપવાસ, દાન, ધ્યાન, પૂજા તથા હવન દ્વારા મહાલક્ષ્મીજીની આરાધના કરવામાં આવશે. આવા સત્કાર્યો કરવાથી દુઃખનો નાશ થાય છે તેમજ પુનર્જન્મના બંધનોમાંથી મુકિત મળે છે. આ નિમિત્તે દિવાળીના દિવસે પૂજા-પાઠનું આર્ટ ઓફ લીવીંગે આયોજન કર્યુંછે. આ પૂજા પાઠમાં નગરના ધર્મપ્રેમી જનતાને ઉપસ્થિત રહી સહભાગી થવા આર્ટ ઓફ લીવીંગના પ્રશિક્ષક સુરેશભાઈ પરમારે જણાવ્યું છે.

## નવા વર્ષે જલારામ જયંતિ અને પાટોત્સવની ભવ્ય ઉજવણી

ગાંધીનગર, તા.૯

જલારામ સેવા સમાજ દ્વારા નવા વર્ષના પ્રારંભે ત્રણ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં તા. ૧૨ નવેમ્બરના રોજ સ્નેહમિલન સમારંભ સવારે ૯ કલાકે યોજાશે. તા. ૧૮ નવેમ્બરના રોજ જલારામ બાપાની ૧૨૬મી જન્મજયંતિ નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. ઉપરાંત આગામી તા.૯ ડિસેમ્બરના રોજ જલારામ મંદિરના ૨૦મા પાટોત્સવની ઉજવણી કરવામાં આવશે.

જલારામ સેવા સમાજના પ્રમુખ જીતેન્દ્રકુમાર સેજાણીએ જણાવ્યું હતું કે તા. ૧૨ નવેમ્બરના રોજ નૂતન વર્ષના દિવસે સવારે ૯થી ૧૧ કલાક દરમિયાન સ્નેહમિલન સમારોહ યોજાશે. જલારામ બાપાની ૧૨૬મી જન્મ

### ૧૮મીએ શોભાયાત્રા અને વીરપુર જતા પદયાત્રીઓનું અભિવાદન કરાશે

જયંતિ નિમિત્તે તા. ૧૮ નવેમ્બરના રોજ અખંડધૂન દ્વારા સવારે પ્રાતઃ આરતી સવારે ૬.૩૦ કલાકે અને સાયં આરતી સાંજના ૬.૪૫ કલાકે યોજાશે શોભાયાત્રા સવારે ૮.૦૦ કલાકે સે-૨૯ જલારામ ધામથી પ્રસ્થાન કરશે. સવારે ૮.૩૦ કલાકે બાપાની પૂજન વિધિ, અન્નકૂટ દર્શન સાંજે ૪.૦૦ થી રાત્રે ૯.૦૦ કલાક દરમિયાન કરવામાં આવશે. મહાઆરતી સાંજે ૬.૪૫ કલાકે, સંકીર્તન યોગેશભાઈ દક્ષિણી અને સાથીદારો દ્વારા કરવામાં આવશે. વીરપુર જતા પદયાત્રીઓનું અભિવાદન સાંજે ૭.૦૦ કલાકે શુભેચ્છા પ્રદાન કરશે તેમજ સાંજે ૭.૧૫ કલાકે મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું છે. ઉપરાંત તા. ૯ ડિસેમ્બરના રોજ ૨૦મો પાટોત્સવ ઉજવાશે જેમાં મૂર્તિપૂજા, સાત્વિક પૂજા, ધ્વજારોહણના કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવશે.

# સ્મશાનમાં ભોજન કરી કાળીચૌદશે અંધશ્રધ્ધા દૂર કરાશે

## ગાંધીનગરના રેશનલ સમાજ દ્વારા સે-૩૦ના મુકિતધામ ખાતે રાત્રે નવ કલાકથી અંધશ્રધ્ધા નિર્મૂલન કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૯

કાળીચૌદશના સંદર્ભે દેશભરમાં સદીઓથી ઘણી ગેરમાન્યતાઓ પ્રવર્તે છે. આ સાથે અનેક પ્રકારની પરંપરાઓ અને કુરિવાજો જોડાયેલા છે. ગાંધીનગરના રેશનલ સમાજ દ્વારા નગરજનોમાં અંધશ્રધ્ધા નિર્મૂલન સંદર્ભે જાગૃતિ ફેલાવવા માટે સે-૩૦ના મુકિતધામ અંતિમધામ ખાતે રાત્રે ૯ કલાકે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં વિવિધ પ્રયોગો દ્વારા નાગરિકોમાં અંધશ્રધ્ધા દૂર કરવા પ્રયત્નો હાથ ધરાશે તથા સ્મશાન પરિસરમાં જ દાળવડા, ભજીયા-પુરી વગેરેના ભોજનનો કાર્યક્રમ પણ યોજાશે.

શહેરના રેશનલ સમાજ દ્વારા નાગરિકોમાં ફેલાયેલી



અંધશ્રધ્ધા, ભૂતપ્રેતની માન્યતા, તાંત્રિક વિધિ, મંત્ર-તંત્ર, જાદુ ટોના ટૂચકાં વગેરે અંગેની ગેરમાન્યતાઓ દૂર કરવા પ્રયત્નો હાથ ધરવામાં આવે છે. રેશનલ સમાજ દ્વારા દર વર્ષે કાળીચૌદશની રાત્રિએ અંધશ્રધ્ધા નિર્મૂલન કાર્યક્રમ હેઠળ શહેરના સ્મશાને વિવિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે. આ વર્ષે પણ આયોજિત આ કાર્યક્રમમાં નિસર્ગ સાયન્સ સેન્ટરના અનિલભાઈ પટેલ દ્વારા વિવિધ પ્રયોગોનું પ્રત્યક્ષ નિદર્શન કરી મેલી વિદ્યા, મંત્ર-તંત્ર, જાદુ-ટોના ઉપરાંત કંકુ ખરવું, અગ્નિ નિકળવા જેવા ચમત્કારોનો પર્દાફાશ કરાશે. આ સાથે રેશનલ સમાજના સભ્યો દ્વારા સ્મશાનમાં ભોજન ના લેવાય તેવી ગેરમાન્યતાને દૂર કરવા નગરના તમામ ચાર રસ્તેથી એકઠા કરાયેલા દાળવડા, ભજીયા-પૂરી વગેરે આરોગવામાં આવશે.

### જાથા દ્વારા રાજયભરમાં અંધશ્રધ્ધા નિર્મૂલન કાર્યક્રમ

રાજકોટ સ્થિત ભારત જન વિજ્ઞાન જાથા સંસ્થા દ્વારા પણ વખતોવખત અંધશ્રધ્ધા નિર્મૂલન કાર્યક્રમ યોજવામાં આવે છે. આ કાર્યક્રમ અંતર્ગત રાજયના ૭૩૫ નગરોમાં વિવિધ કાર્યક્રમો દ્વારા કથિત અંધશ્રધ્ધાને દૂર કરી જન જાગૃતિ ફેલાવવા પ્રયત્નો હાથ ધરાશે. આ કાર્યક્રમમાં સ્મશાનમાં ભૂતપ્રેતનું સરઘસ, સ્મશાનમાં વડા-ભજીયા આરોગવા, ચમત્કારોથી ચેતો કાર્યક્રમ, વ્યાખ્યાન કે લોકચર્ચા વગેરેનું આયોજન કરાય છે.

કાળીચૌદશે કોઈ સિધ્ધિ પ્રાપ્તિના નામે તાંત્રિક વિધિ કરવા, મેલી વિદ્યા આસુરી શકિત, ભૂત-પિશાચ, ડાક વગેરેને વશ કરવાના નામે તાંત્રિકો, અઘોરીઓ, ઉપાસકો વગેરે સ્મશાનમાં અડ્ડા જમાવે છે. સામાન્ય નાગરિકોને કકળાટ કાઢવા, કુંડાળામાં પડેલા વડા જેવી બાબતોથી નિર્બળ મનના માનવીઓમાં ભય ફેલાવી પોતાના હિતના કાર્યો કરાવાય છે તેવા આર્થિક રીતે ખંખેરી લેવામાં આવે છે. રેશનલ સમાજ દ્વારા આવા તત્વોને ખુલ્લા પાડી નાગરિકોમાં અંધશ્રધ્ધા તથા ગેરમાન્યતાઓ દૂર કરવા કાળીચૌદશે ખાસ કાર્યક્રમ યોજવામાં આવે છે.

## ચિરવિદાય

- સ્વ. જમનાબેન પૂંજાજી સોલંકી, ઉ.વ. ૭૦
- સ્વ. શંભુભાઈ ઈશ્વરદાસ પટેલ, ઉ.વ.૬૩
- સ્વ. લક્ષ્મીબેન મંગળભાઈ પ્રજાપતિ, ઉ.વ. ૯૦